<u>મુદામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ :–</u>

(૧) અરજદાર વીકી ચંદ્રકાંતભાઇ ઠકકર એ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. પાર્ટ બી ગુના રજી.નં. ૧૨૪૦/૨૫, આવશ્યક ચીજવસ્તુ ધારા–૧૯૫૫ ની કલમ ૩ તથા ૭ વાળા ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ અનાજ ચોખા, કુલ્લ ૧૦૩૩૫ કી.ગ્રા., કિંમત રૂા.૨,૬૦,૯૫૯/– ની વચગાળાની કસ્ટડી મેળવવા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ મુજબ હાલની અરજી કરી જણાવેલ છે કે આ ગુના કામે કબજે થયેલ મુદામાલ ચોખા તેઓની માલિકીના છે, જે ગુજરાત રાજય પુરવઠા નિગમ લીમી. ધ્વારા જપ્ત કરી ગો–ડાઉન માં સીઝ કરેલ છે. આ અનાજ લાંબો સમય પડી રહે તો ખરાબ થઇ જવાની શકયતા હોઇ, મુદામાલ ચોખા તેઓને પરત સોંપવાનો હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓ નામ.કોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ તમામ શર–તોનું પાલન કરવા અને જામીન આપવા તૈયાર હોઇ મુદામાલ અનાજ ચોખા પરત સોંપવા અરજ કરેલ છે.

(૨) તેઓએ તેમની અરજીના સમર્થનમાં અરજદારના આધાર કાર્ડની નકલ, મુદામાલ ખરીદ કર્યા અંગેના સોગંદનામાની નકલ, એફ.આઇ.આર.ની નકલ રજુ કરેલ છે.

(૩) આ કામે જરૂરી પક્ષકારોને નોટીસ કાઢેલ અને તેના અનુસંધાને ત.ક. અ.શ્રી એ પોતાનો અભિપ્રાય મુદામાલ પાવતી અને પંચનામાની નકલ સાથે રજુ કરેલ છે, જેમાં તેઓએ ઉપરોકત મુદામાલ અરજદારને પરત ન સોંપવાનો નકારાત્મક અભિપ્રાય આપેલ છે. અરજી તળે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો.

(૪) બન્ને પક્ષોની રજુઆત ધ્યાને લીધી તેમજ રજુ થયેલ રેકર્ડ વંચાણે લીધું. આ કામના આરોપીએ પોતાના કબજાની સંતોષ આટા મીલ પ્લોટ નં.૪૫–૪૬, હનુમાન મંદીર પાસે, મીરઝાપર માં ફોર્ટીફાઇડ – આવશ્યક ચીજ વસ્તુ ચોખાનો જથ્થો કુલ્લ ૧૦૩૩૫ કી.ગ્રા., કિંમત રૂા.૨,૬૦,૯૫૯/– નો ગેરકાયદેસર સંગ્રહ કરી, આધાર પુરાવા કે લાયસન્સ વગર વેચાણ અર્થે રાખી ગુનો કર્યાની ફરીયાદ મામલતદારશ્રી ધ્વારા નોંધાવવામાં આવેલ છે. વધુમાં,

અરજદાર ની અરજીના અનુસંધાને ત.ક.અ.શ્રી નો અભિપ્રાય ધ્યાને લેતાં અરજદાર ધ્વારા ફોર્ટીફાઇડ એટલે કે આવશ્યક ચીજવસ્તુ ચોખાના જથ્થાનો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલ હોઈ તેમજ હાલે આ ગુનાની તપાસ ચાલુમાં હોઈ મુદામાલ અરજદારને પરત ન સોંપવાનો નકારાત્મક અભિપ્રાય આપેલ છે. વિ.એ.પી.પી. શ્રી એ મુદામાલ આવશ્યક ચીજવસ્તુ ધારા મુજબ કબજે કરેલ હોઈ, ત.ક.અ.શ્રી નો અભિપ્રાય ધ્યાને લઈ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. અરજદારની અરજીના અનુસંધાને આવશ્યક ચીજવસ્તુ ધારાની નીચે મુ–જબની કલમની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે.

S.6(a) Confiscation of essential commodity

[(1)] Where any essential commodity is seized] in pursuance of an order made under section 3 in relation thereto, a report of such seizure shall, without unreasonable delay, be made to the Collector of the district or the Presidency town in which such essential commodity is seized] and whether or not a prosecution is instituted for the contravention of such order, the Collector may, if he thinks it expedient so to do, direct the essential commodity so seized to be produced for inspection before him, and if he is satisfied] that there has been a contravention of the order may order confiscation of—

(a) the essential commodity so seized;

(b) any package, covering or receptacle in which such essential commodity is found; and

(c) any animal, vehicle, vessel or other conveyance used in carrying such essential commodity:]

Provided that without prejudice to any action which may be taken under any other provision of this Act, no foodgrains or edible oilseeds in pursuance of an order made under section 3 in relation thereto from a producer shall, if the seized foodgrains or edible oilseeds have been produced by him, be confiscated under this section:

[Provided further that in the case of any animal, vehicle, vessel or other conveyance used for the carriage of goods or passengers for hire, the owner of such animal, vehicle, vessel or other conveyance shall be given an option to pay, in lieu of its confiscation, a fine not exceeding the market price at the date of seizure of the essential commodity sought to be carried by such animal, vehicle, vessel or other conveyance.

> (2) Where the Collector, on receiving a report of seizure or on inspection of any essential commodity under sub–section (1), is of the opinion that the essential commodity is subject to speedy and natural decay or it is otherwise expedient in the public interest so to do, he may––
>
> (i) order the same to be sold at the controlled price, if any, fixed for essential commodity under this Act or under any other law for the time being in force; or
>
> (ii) where no such price is fixed, order the same to be sold by public auction:
>
> [Provided that in case of foodgrains, the Collector may, for its equitable distribution and availability at fair prices, order the same to be sold through fair price shops at the price fixed by the Central Government or by the State Government, as the case may be, for the retail sale of such foodgrains to the public.
>
> <u>Section 6E : Bar of jurisdiction in certain cases</u>
>
> Whenever any essential commodity is seized in pursuance of an order made under section 3 in relation thereto, or any package, covering or receptacle in which such essential commodity is found, or any animal, vehicle, vessel or other conveyance used in carrying such essential commodity is seized pending confiscation under section 6A, the Collector, or, as the case may be, the (State Government) Judicial Authority concerned under section 6C shall have, and, not with standing anything to the contrary contained in any other law for the time being in force, any court, tribunal or other authority shall not have, jurisdiction to make orders with regard to the possession, delivery, disposal, release or distribution of such essential commodity, package, covering, receptacle, animal, vehicle, vessel or other conveyance.

વધુમાં, નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા Oma Ram Vs. State of Rajasthan, 2008 Supp AIR(SC) 1844 (SC) વાળા ચુકાદામાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે :–

> 13. Certain provisions of the Essential Commodities Act, 1955 have relevance. Section 6A deals with confiscation of food grains, edible oil seeds and edible oils. Section 6B deals with issue of show cause notice before confiscation of food grains etc. Section 6E deals with bar of jurisdiction in certain cases. Section 6E has been substituted to provide that except Collector or State

Government, all other authorities, judicial or otherwise, would be debarred from making any order with regard to the possession, delivery, disposal or distribution of any essential commodity, seized in pursuance of an order made under Section 3. Thus a Magistrate has no jurisdiction to grant relief against seizure under Section 457 Cr.P.C. Section 6A provides for confiscation of essential commodities seized in pursuance of an order made under Section 3. Collector of the district of the Presidency Town, in which such commodity is seized, may order confiscation, if he is satisfied that there has been a contravention of such an order. But, no order of confiscation shall be made under this Section, if the seized essential commodity has been produced by the producer, without prejudice to any action, which may be taken under any other provision of this Act. Section 6B of the Act provides the procedure to be adopted by the Collector, before passing order for confiscation, which provides that after issuing of notice, an opportunity has to be given to the aggrieved party, for contesting the same. The Collector, after giving him a hearing, has to decide the objection and pass an order either confiscating the property or refusing to confiscate the property.

આમ, ઉપરોકત તમામ હકીકત તેમજ આવશ્યક ચીજવસ્તુ ધારાની ઉપરોકત કલમની જોગવાઈ ધ્યાને લેતાં અત્રેની અદાલતને સતા ન હોઈ, અરજદારની મુદામાલ ચોખા પરત મળવાની અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોઈ, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

**–:: હુ ક મ ::–**

અરજદારની મુદામાલ ચોખા પરત મેળવવાની હાલની અરજી આથી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ભુજ – કચ્છ.
તા.૨/૪/૨૦૨૬.

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ. GJ01472